આંક–૭

**મે. મજુર અદાલત, અમદાવાદના પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ઓથોરીટી**
**શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ.**

**<u>પગાર ધારા અરજી નં.૩૧૦/૨૦૨૧</u>**

<u>અરજદાર</u> : પરમાર મોંઘીબેન કરશનભાઈ,
હે.૪૨, આંબેડકરનગર–૧, મેમ્કો, સૈજપુર, અમદાવાદ.
C/o.ગુજરાત મજદુર મંચ,
હે.૫/સી, જય અંબે સોસાયટી, ગીતા સ્કુલ પાસે, ભાર્ગવ રોડ,
કુબેરનગર, અમદાવાદ–૩૮૨૩૪૦

**: <u>વિરૂધ્ધ</u> :**

<u>સામાવાળા</u> : મેનેજરશ્રી / માલીકશ્રી, રોયલ ઈન્ડસ્ટ્રીઝ,
હે.૨/૩, પુનમ એસ્ટેટ પાસે, નરનારાયણ એસ્ટેટ સામે, નરોડા રોડ,
અમદાવાદ–૩૮૦૦૨૫.

<u>હાજર રહયા</u> : અરજદાર તરફે : વિ.પ્ર.શ્રી દિલીપ રાજપુત.
સામાવાળા તરફે : વિ.વ.ડી.ડી.ભુછડા.

## –:: <u>ચુકાદો</u> ::–

આ કામે અરજદારે પગાર ધારાની કલમ ૧૫ મુજબ આંક–૧ ની અરજી દાખલ કરી બાકી પગારની રકમની માંગણી કરેલ છે. સદર કામે સામાવાળાએ લેખીત જવાબ રજુ કરેલ અને હાલનું કામ અરજદારના પુરાવાના તબકકે પેન્ડીંગ હોય ત્યારે અરજદારના પ્રતિનિધિશ્રીએ આંક–૬ ની પુરસીસ રજુ કરીને જણાવેલ કે, પક્ષકારો વચ્ચે અંદરો અંદર સુખદ સમાધાન થવા પામેલ છે, જેથી હાલની અરજી આગળ ચલાવવા માંગતા નથી, તેથી ફરી ફાઈલે ન કરવાની બીનશરતી રીતે અરજી પાછી ખેંચી લે છે અને હાલની અરજીમાં કરેલ માંગણીઓ અને દાદ મેળવવા દબાણ કરતાં નથી. તે વિડ્રો પુરસીસ નોંધવામાં આવેલ છે અને તેથી હાલનો કેસ વિડ્રો થવાથી આજરોજ લોક–અદાલતમાં ફેંસલ કરવામાં આવેલ છે. ખર્ચ અંગે હુકમ નથી.

લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૨–૦૩–૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
ઓથોરીટી,
પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.